GJVD050024072019

Presented on : 21-09-2019
Registered on : 21-09-2019
Decided on : 16-07-2026
Duration : 06 Year 09 Month 25 Days

IN THE COURT OF ADDI CIVIL JUDGE & J.M.F.C AT SAVLI, VADODARA
(Presided Over by MS.P.B.GAMIT)

CC/1752/2019

Exhibit No.

Complainant: ANKIT CHEMICALS /MR.SURENDAR VERMA

Addresss: AT.PLOT NO.8/2,RAJ INDUSTRIES PARK-2,SAVLI-SAMLAYA ROAD,KARCHIYA TA.SAVLI DIST.VADODARA

VERSUS

Accused: (1) SAINIT AGRITECH PVT.LTD
Addresss: AT.HOUSE NO.55,SANJAY PARK SOC.,SANJAY NAGAR,KARELIBAUG,VADODARA

(2):Rajendrakumar Ganpatrao Surve (Director)
(3) Aakash Rajendra Surve(Director)
Addresss: House No.55, Sanjay Park Society
Sanjay Nagar
Karelibaug
Vadodara

Advovate for : P.J.SHAH,
Advocate for P M DESAI appearing for Accused

Offence punishable under : 138,141,142, of NEGOTIABLE INSTRUMENTS ACT, 1881,

ચુકાદો

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–

ફરીયાદી અંકીત કેમીકલસના અધિકુત અધિકારી છે. તેઓને સદર કેસ દાખલ કરવા તથા ચલાવવા માટે સત્તા આપવામાં આવેલ છે. સદર કેસની હકીકતથી તેઓ વાકેફ છે અને તેઓ જુબાની આપવા પણ સક્ષમ છે. અને તેઓએ સદર ફરીયાદી વતી ફરીયાદ દાખલ કરવાનો અધિકાર પત્ર પણ આપવામાં આવેલ છે. ફરીયાદી પ્રોપરાઈટરી ફર્મ છે અને તે અંકીત કેમીકલસથી ફરીયાદમાં જણાવેલ સરનામે ચલાવે છે. અને તેઓ કેમીકલ પ્રોડકટસ વેચવાનું કામ કરે છે. આ કામના આરોપી નં. ૧ પ્રાઈવેટ લીમીટેડ કંપની છે અને આરોપી નં. ૨ અને ૩ નાઓ આરોપી નં.૧ ના ડાયરેકટરો છે. સદર કામના આરોપીઓ અને ફરીયાદી વચ્ચે વેપારીક સંબંધ ધરાવે છે અને આરોપીઓ ફરીયાદી પાસે કેમીકલ પ્રોડકટસ ખરીદતા હતા. આરોપીઓએ ફરીયાદીને મૌખીક રીતે ખરીદ ઓર્ડર આપી કેમીકલ પ્રોડક્ટસ મોકલવા માટે જણાવેલ. આરોપીઓએ માલ ખરીદ કરતા પહેલા કોઇ નાણાં આપેલ નહીં પરંતુ, માલની ડીલીવરી થયા બાદ પુરેપૂરુ પેમેન્ટ ચુકવી આપવાની બાંહેધરી આપેલ. ફરીયાદી ઓર્ડર મુજબનો માલ આરોપી કંપનીને મોકલાવેલ અને આરોપીઓએ તે માલ કોઈપણ જાતના વાંધા અને વિરોધ વિના સ્વિકારી લીધેલ છે. આરોપીઓની માંગણી મુજબનો માલ આરોપીઓને ફરીયાદીએ મોકલી આપેલ આરોપીઓને તે અંગે ઇનવોઇસ બીલ પણ ફરીયાદીએ આપેલ અને તેઓએ તે બીલ કોઈપણ વાંધાવિરોધ વિના સ્વિકારી લિધેલ છે.

અનુ નં.	તારીખ	ઇનવોઇસ નં.	રકમ
૧	૧૯/૦૬/૨૦૧૯	ACV/ ૨૦૧૯–૨૦–૨૦/૩૪	૧,૪૧,૬૦૦/–

૨	૦૫/૦૭/૨૦૧૯	ACV/ ૨૦૧૯-૨૦-૨૦/૪૮	૮૨,૧૨૮/-
		કુલ	૨,૩૨,૧૨૮

આરોપીએ ખરીદેલ માલની અશંત: ચુકવણી માટે રૂ.૦૨,૦૭,૮૦૦/-(બે લાખ સાત હજાર આઠસો પુરા) નો ચેક આપેલ અને રૂ. ૧૫,૯૨૮/- (પંદર હજાર નવસો અઠાવીસ પુરા) તા. ૧૦/૦૮/૨૦૧૯ ના રોજ લેવાના નિકળતા હતા. આરોપીઓએ માલની ડિલવરી મળ્યા બાદ રકમની પુરેપુરી ચુકવણી કરી આપવાની બાંહેધરી આપેલ હતી, પરંતુ, તેઓ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે. ફરીયાદીએ ઘણી વખત આરોપીઓને જણાવ્યા છતાં તેઓ તેઓએ બાકી રકમ ચુકવેલ નથી.

આરોપીઓએ ચેક આપતી વખતે ફરીયાદીને બાંહેધરી આપેલ કે ચેક બેંકમાં પસાર થવા નાંખશો એટેલે ચેકના નાણાં ફરીયાદીને મળી જશે જેથી આરોપીએ આપેલ રૂ.૦૨,૦૭,૮૦૦/-નો ચેક નં. ૦૦૦૦૪૧ ફરીયાદીએ તા.૦૫/૦૭/૨૦૧૯ ના રોજ તેમની એક્સીસ બેંક , વાઘોડીયા રોડ શાખા, વડોદરામાં નાંખેલ જે ચેક તા.૦૬/૦૮/૨૦૧૯ ના રોજ રીર્ટન મેમાના કારણ " PAYMENT STOPPED BY DRAWER" શેરા સાથે પરત ફરેલો. જેથી આરોપીઓનો પ્રથમથી જ નાણાં નહીં આપવાનો ઈરાદો હોવાનું જણાઈ આવે છે. આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ અને વિશ્વાસ ભંગ અને છેતરપીંડી કરી ઈ.પી.કોડની વિવિધ કલમ હેઠળ શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે.

આરોપી નં.૧ કંપની છે અને આરોપી નં.૨ અને ૩ નાઓ સદર કંપનીના વહીવટકર્તાઓ છે અને તેઓ કંપની રોજબરોજની કામગીરી સંભાળે છે. અને આરોપી નં.૨ અને ૩ નાએ કંપની વતી ચેક

ઈસ્યુ કરેલ છે.આરોપીઓ કંપનીના ડાયરેકટર છે અને તેઓએ સહી કરી ચેક આપેલ છે અને તેઓ ચેક આપતી વખતે ખાત્રી, વિશ્વાસ અને ભરોસો આપેલ કે ચેકના નાણાં તેઓને મળી જશે તેમ છતાં ચેક "સ્ટોપ પેમેન્ટ બાય ડ્રોવરના શેરા સાથે પરત ફરેલ છે. આમ, કરીને આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે.

ફરીયાદીએ આરોપીઓને કાયદા મુજબની જરૂરી કાનુની નોટીશ આપેલ છે. ફરીયાદીએ તેઓના વકીલ મારફતે આરોપીઓને તા.૧૩/૦૮/૨૦૧૯ ના રોજ આરોપીઓને નોટીશ મોકલવામાં આવેલ જે નોટીશ તા.૧૪/૦૮/૨૦૧૯ ના રોજ આરોપી નં. ૧ કંપનીના માલિક મળી આવેલ ન હોવાના શેરા સાથે પરત ફરેલ છે. આરોપી નં. ૨ અને ૩ નાઓને નોટીશ બજી ગયેલ છે. આરોપીઓને નોટીશ મળી ગયેલ હોવા છતાં આરોપીઓ ઉપરોક્ત ચેકની રકમ ચુકવી ચુકાવી આપેલ નથી કે ચેકની રકમ ચુકાવી આપવાની તજવીજ કરેલ નથી. આરોપીઓએ નોટીશનો કોઈ જવાબ પણ આપેલ નથી. આમ, આરોપીઓએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮,૧૪૧,૧૪૨ મુજબનો ગુનો કરેલ આમ, આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવી ન આપતાં ફરીયાદીને સદરહું ફરીયાદ દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે.

(૨) સદરહું ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઇ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરિયાદ તથા તેની સાથે ફરિયાદીએ રજૂ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે. વધુમાં, અત્રેની કોર્ટ દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઇ મુજબ આરોપીની આંક–૧૯ અને આંક–૨૦ થી જવાબ પ્લી નોંધવામાં આવેલ અને તેમાં

આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો :–

આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

– : મૌખીક પુરાવો :–

નં.	વિગત	આંક
૧.	ફરીયાદી સુરેન્દ્ર વર્માની સોગંદ ઉપરની જુબાની	૧૩

–: દસ્તાવેજી પુરાવા :–

નં.	વિગત	આંક
૧	ફરીયાદી કંપનીનું જી. એસ.ટી. સર્ટીફીકેટ	૩૨
૨	ACV/ ૨૦૧૯–૨૦–૨૦/૩૪	૩૩
૩	ACV/ ૨૦૧૯–૨૦–૨૦/૪૮	૩૪
૪	આરોપીએ આપેલ ચેક	૩૫
૫	રીર્ટન મેમો	૩૬
૬	નોટીશનું સીલબંધ કવર	૩૭
૭	આરોપીઓને મોકલાવેલ પોસ્ટની પાવતીઓ (સંયુકત)	૩૮
૮	આરોપીઓને નોટીશ બજી ગયાની પોસ્ટખાતાનો ઓનલાઇન ટ્રેક રીપોર્ટ	૩૯

ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ઉપર મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ આંક–૪૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરીયાદપક્ષે પુરાવો બંધ જાહેર કરેલ છે.

(૩.૧) આરોપીએ કોઇ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

(૪) ત્યારબાદ રેકર્ડ પર રજુ થયેલ પુરાવાના આધારે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદ હકીકતનો ઈન્કાર કરી તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે અને ફરીયાદીએ આરોપીને કોઇ માલ સપ્લાય કરેલ ન હોવાનું જણાવે છે.

(૫) સદર કામે ફરીયાદપક્ષે વિ.વકીલશ્રી ધ્વારા આંક–૬૦ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. અને આરોપીઓ તર્ફે આંક–૬૧ અને આંક–૬૨ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે.

(૬) ફરિયાદીની ફરિયાદ હકીકત, ફરિયાદના કામે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોશીયેબસ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઇ તથા બંન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં સદરહું ફરિયાદીના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દાઓ //

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરિયાદવાળો ચેક આરોપીઓએ પોતાના કાયદેસરનાં દેવાની ચુકવણી પેટે ફરિયાદીને લખી આપેલ જે નિયત સમયમાં વટાવવા ફરિયાદીએ પોતાની બેંકમાં રજૂ કરતાં વગર સ્વીકારાયે પરત ફરેલ જેને

નિયત સમયમાં પોસ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીઓએ નોટીસનો અમલ ન કરી ફરિયાદવાળા ચેકની રકમ ફરિયાદીને ન ચુકવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮,૧૪૧ મુજબ સજાને પાત્ર ગુન્હો કરલે છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧. અશંત: હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

(૮) સદર કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે જેના તત્ત્વો નીચે મુજબ છે.

- **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના આવશ્યકતત્ત્વોઃ–**

1 આરોપીએ તેમના દ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરિયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

2 આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

3 ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ(૬) માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલાં તે સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ છે.

4 તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

5 ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ નાણાની માંગણી લેખીતમાં કરેલી હતી.

6 તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમય–મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

➢ **કલમઃ ૧૧૮.નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ વિષે માની લેવાની બાબતઃ–**

કલમ–૧૧૮ વટાઉખત વિશે માની લેવાની બાબત...
એથી વિરૂદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

એ) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવું દરેક ખત જ્યારે તે સ્વીકારમાં આવ્યું હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યું હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય તે અવજને માટે સ્વીકાર્યું હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતુ અથવા તબદીલ કર્યું હતું.

(બી) તારીખ વિષેઃ– જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખ કરી આપ્યું અથવા લખી આપ્યું હતુઃ–

(સી) સ્વીકારના સમય વિષેઃ– સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ડી) તબદીલીના સમય વિષેઃ– કોઈ વટાઉ ખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ઈ) શેરાઓના ક્રમ વિષેઃ– કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું

જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(એફ) સ્ટેમ્પ વિષેઃ- ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતોઃ

(જી) ધારક યથાનુક્રમે ધારક છે એમ માની લેવા વિષેઃ- કોઈ વટાઉ ખતનો ધારક યથાનુક્રમ ધારક છે, પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી, અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી, કોઈગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય, અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યુ હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાનુક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

- **કલમઃ ૧૩૯ ચેકના ધારણકર્તાની તરફેણમા અનુમાનઃ-**

હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ-૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઇ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુક્ત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૯) સદરહું કેસમાં આંક- ૦૫ થી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરિયાદીનો મૌખિક પુરાવો રજૂ કરેલ છે.અને તેમાં ફરિયાદ મુજબની હકીકતોનો ઉલ્લેખ કરી તમામ દસ્તાવેજો રિફર કરેલ છે જેથી પુનરાવર્તન ટાળવાના હેતુસર ફરી થી ઉલ્લેખ કરેલ નથી. બચાવ પક્ષે રજુ કરવામાં

આવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેઓ ઉલટતપાસ દરમ્યાન જુબાની આપે છે કે, " આરોપીઓએ SAINIT AGRITICH PVT.LTD કું કયારે શરૂ કરી છે તેની મને ખબર નથી. આ કંપની આરોપીઓની માલીકીની છે. આરોપીઓની કંપની એગ્રીકલ્ચર વસ્તુનું ઉત્પાદન કરે છે. એ વાત ખરીછે કે સામાન્ય રીતે કોઈ કંપની સાથે વ્યવવહાર કરવાનો હોય ત્યારે તે કંપની શું ઉત્પાદન કરે છે તેની જાણકારી મેળવવાની હોય છે. આરોપીઓની કંપની શું ઉત્પાદન કરે છે તેની અમોએ તપાસ કરેલી. આરોપીઓની કંપની ખાતરના દાણા બનાવતી હતી.તે શીવાય શું ઉત્પાદન કરતી હતી તેની મને જાણ નથી. એ વાત ખરી છે કે આરોપીઓની કં પની નાયટ્રોજન ફોસ્ફરસ પોટાશ (NPK) અને સ્વાઈન કંન્ડીશ્નરનું ઉત્પાદન કરતી હતી. એ વાત ખરી છે કે નાયટ્રોજન ફોસ્ફરસ પોટાશ (NPK) અને સ્વાઈન કંન્ડીશ્નર ના ઉત્પાદનમાં એમોનીયાની જરૂર પડતી નથી. એ વાતની મને ખબર નથી કે આરોપીઓની કં પની આ બન્ને વસ્તુઓ ખેડુતોને જથ્થાબંધમાં વેચાણ કરતી હતી. એ વાત ખરી છે કે આરોપીઓની કંપની એમોનીયમ સલ્ફેટ નું ઉત્પાદન કરતી નહતી. એ વાતની મને ખબર નથી કે આરોપીઓની કંપની એમોનીયમ સલ્ફેટનું ઉત્પાદન કરતી નહતી જેથી તે કંપની તેમના એજન્ટોને અને ખેડુતોને એમોનીયમ સલ્ફેટનું વેચાણ કરતી નહતી. એ વાત ખરી છે કે આરોપીની કંપની સાથે હાલના વ્યવહાર પહેલા કોઈ વ્યવહાર કરેલ ન હતો. આરોપીઓને માલ વેચાણ આપ્યો તે પહેલા હું આરોપીઓને મળેલ ન હતો. તે વાત ખરી છે કે હું વડોદરાના નરેન્દ્રભાઈ રાજને સારી રીતે ઓળખું છુ. એ વાત ખરી નથી કે નરેન્દ્રભાઈ રાજને મે કેમીકલ વેચાણ આપેલું. આરોપીઓના વિશ્વાસે મે તેમને માલ ચેક લઈને આપેલો.એ વાત ખરી છે કે આરોપીઓએ અમારી કંપનીમાં આવી ને માલનું સેમ્પલ જોયેલું અને તે વખતે એડવાન્સમાં ચેક આપેલો. એ વાત ખરી છે કે એમોનીયમ સલ્ફેટ પાણી કે ભેજના સંપર્કમાં આવતા ઓગળી જાય છે. મેં એડવાન્સ ચેક લીધાના

બીજાજ દિવસે આરોપીઓને માલ આપી દિધેલો. એ વાત ખરી છે કે જુલાઈ અને ઓગષ્ટ માસ ચોમાસાની સીજનના માસ છે.

સવાલ. તમે તમારી ફરીયાદમા, નોટીસમા, કે જુબાનીમાં તમે ક્યા કેમીકલ નુ ઉત્પાદન કરો છો તે જણાવેલ નથી.

જવાબ. હુ કેમીકલ નુ ઉત્પાદન કરતો નથી પરંતુ ફક્ત ટ્રેડીંગ કરુ છુ.

એ વાત ખરી છે કે હુ ક્યા કેમીકલ નુ ટ્રેડીંગ કરુ છુ તે મારી ફરીયાદમા, જુબાનીમા, કે નોટીસ મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ કયા દિવસે, ક્યા મહીને અને ક્યા વર્ષમા મારો સંપર્ક કરેલો તે મારી ફરીયાદમા, જુબાનીમા, કે નોટીસ મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ મને કઈ તારીખે, ક્યા કેમીકલનો ઓર્ડર આપેલો તે મારી ફરીયાદમા, જુબાનીમા, કે નોટીસ મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ મને લેખીતમા કેમીકલ માટેનો ઓર્ડર આપેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ ને કેટલા રુપીયા નુ કેમીકલ આપેલું તે મારી ફરીયાદમા, જુબાનીમા, કે નોટીસ મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે બન્ને આરોપીઓ એ સહિઓ કરેલ હોય તેવો ચેક મે આ કામે રજુ કરેલ નથી. વડોદરા ના નરેન્દ્રભાઈ રાજ આરોપીઓને ત્યા નોકરી કરે છે. એ વાત ખરી નથી કે નરેન્દ્રભાઈ રાજ વારંવાર મારે ત્યા આવતા હોય મારા મિત્ર થઇ ગયેલા. એ વાત ખરી નથી કે નરેન્દ્રભાઈ રાજ મને બીજી કંપનીઓ ના ઓર્ડર અપાવતા હતા. મને આંક- ૩૫ વાળો ચેક બતાવવામાં આવે છે તે જોય ને કહુ છુ કે તેમા વિગતની ઈન્ક ડાર્ક છે તેમજ સહીની ઈન્ક લાઈટ છે હવે હુ કહુ છુ કે બન્ને ની ઈન્ક એક સરખી છે. એ વાત ખરી છે કે મે આ કામે ડીલીવરી ચલણ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ માલ સ્વીકારી ને સહી કરી આપેલ હોય તેવો કોઈ પુરાવો મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે અને નરેન્દ્રભાઈ એ મળી ને આરોપીઓ સાથે છેતરપીંડી કરી કેમીકલ વાળો માલ આરોપીઓને નહી પરંતુ નરેન્દ્રભાઈ

ને મોકલેલ છે. એ વાત ખરી નથી કે નરેન્દ્રભાઈ આરોપીઓને ત્યા નોકરી કરતા હોય ફરીયાદ વાળો ચેક નરેન્દ્રભાઈ એ મને આપેલો. એ વાત ખરી નથી કે મે અને નરેન્દ્રભાઈ એ મળીને ચેક મા વિગત લખેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓ એ મને કોઈ ચેક આપેલ ન હોવાથી ફરીયાદ વાળો ચેક સ્ટોપ પેમેન્ટ ના શેરા સાથે પરત ફરેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદી કંપનીએ મને ફરીયાદ કરવા માટે ઓથોરીટી આપેલ હોય તેવા કોઈ પુરાવા મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ મારી કંપની મા આવેલ હોય તેવુ મે મારી ફરીયાદમા, જુબાનીમા, કે નોટીસ મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી બેંક વડોદરા મુકામે આવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓ એ મને કેમીકલ માટેનો કોઈ ઓર્ડર આપેલ નથી કે મારી પાસેથી કોઈ કેમીકલ વેચાણ આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ એ મને કેમીકલ ની વેચાણ કીંમત પેટે કોઈ ચેક આપેલો નથી."

(૧૦) આમ, સદરહું ફરિયાદના કામમાં ફરિયાદીનો આંક-૫ નો મૌખિક પુરાવો ધ્યાને લેતાં અને પુરાવાની મુલવણી કરતાં અને ફરિયાદના કામે રજૂ થયેલ પુરાવાની ઉપરોક્ત મુલવણી મુજબ ફરિયાદપક્ષ ફરિયાદવાળો આંક-૩૫ વાળા ચેક બાબતે એક્ઝીક્યુશન એટલે કે, દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત ઉપરોક્ત જણાવેલ **મંગુભાઈ મનસુખરાય પંડ્યા વિરૂદ્ધ પ્રાણજીવન ત્રીભોવનદાસ પુરોહીત (૧૯૯૧(૨) જી.એલ.એચ.-૬૫)** ના ચુકાદામાં જણાવેલ હકીકત મુજબ પુરવાર કરી પોતાની પ્રાથમિક જવાબદારી પુર્ણ કરી શકેલ હોઈ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૧૮ તથા ૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરિયાદીની તરફેણમાં આવે છે અને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૧૮ તથા કલમ-૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

(૧૧) સદરહું ફરિયાદના કામમાં ઉપર પેરેગ્રાફ નંબર–૧૦ માં જણાવેલ હકીકતે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા ૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરિયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરિયાદના કામમાં બંને પક્ષકારો દ્વારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નક્કી કરવાનું રહે છે કે, શું આરોપીપક્ષ તેઓના બચાવમાં ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાનોનું ખંડન થઇ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવા પાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહિં? આ સંદર્ભે નામદાર હાઇકોર્ટ તથા સુપ્રિમકોર્ટના કેટલાંક ચુકાદા ધ્યાને લેવા જરૂરી છે .

.. **In the matter between M/s prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in** 2004(1) **GLH page No.**365**,** Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

નામદાર સુપ્રિમ કોર્ટ **ભારત બેરલ એન્ડ ડ્રમ મેન્યુફેકચરીંગ કંપની વિરૂદ્ધ અમીનચંદ પ્યારેલાલ, ૧૯૯૯(૩) એ.સી.સી.૩૫** ના ચુકામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its nonexistence was so probable that a prudent man would,under the circumstances of the case, act upon the plea it did not exist."

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટ કે.એન. બીના વિરૂદ્ધ મુનીયપ્પન, ૨૦૦૧ એ.આઇ.આર. સુપ્રિમ કોર્ટ ૨૮૯૫ તથા હિતેન પી. દલાલ વિરૂદ્ધ બ્રટીન્દ્રનાથ, ૨૦૦૧(૬) એસ.સી.સી.-૧૬ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper. આ ઉપરાંત, નામદાર સુપ્રીમ કોર્ટના ક્રિષ્ના જનાર્દન ભટ્ટ વિરૂદ્ધ દતાત્રેય જી. હેગડે (૨૦૦૮ ક્રીમીનલ લો જનરલ

૧૧૭૨) કે.પ્રકાશન વિરુદ્ધ પી. કે. સુરેન્દરન (૨૦૦૮ (૧) એસ. સી. સી. (ક્રાઇમ્સ) ૨૦૦) તથા રંગોપ્પા વિરૂદ્ધ મોહન (એ.આઇ. આર. ૨૦૧૦ સુપ્રીમ કોર્ટ ૧૮૯૮) ના ચુકાદાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલું ગણી શકાય અને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ સાક્ષીના પાંજરામાં આવવું જરૂરી નથી.

(૧૨) હાલના કામે બને પક્ષકરોની દલીલો તથા ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટની જોગવાઇઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિદ્ધાંતો ધ્યાને લઇને, સદરહું ફરીયાદના કામે રજૂ થયેલ પુરાવાની મુલવણી મુદ્દા નં.–૧ ના ન્યાય–નિર્ણય માટે કરતાં નીચે મુજબની હકીકતો ફલીત થાય છે.

(૧૩) આ કામે નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણાં પેટે આપેલ હોય પરંતુ તેવું ખંડન આરોપીએ કરવું પડે અને જ્યારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરિયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખશે કાયદાકીય દ્રષ્ટિથી હાથ ઉપરના કેસનું વિશ્લેષણ કરીએ તો, આ કામે ફરિયાદીની ફરિયાદ અને જુબાની ધ્યાને લઈએ તો, સદર કામના આરોપી અને ફરીયાદી વ્યાપારીક સંબંધ છે અને આરોપીએ ફરિયાદી પાસે કેમીકલ ખરીદેલ અને તેના બદલા તેના બદલામાં ચેક આપેલ. જે ચેક વણચુકવ્યો પરત થતા હાલની ફરીયાદ કરેલ છે. સદર કામે આરોપી પ્રથમ બચાવ

લે છે કે આરોપીઓની કંપની ખાતરના દાણા બનાવતી હતી. અને તેમના ઉત્પાદનમાં એમોનીયા ની જરૂર પડતી નથી. આમ, આરોપીઓએ ફરીયાદી કંપની પાસે થી કોઇ માલ ખરીદેલ ન હોવાનું એક તબક્કે માની લઇ શકાય ત્યારબાદ આરોપીએ પોતે બચાવ લેતા જણાવે છે કે, આરોપીઓએ અમારી કંપનીમાં આવી માલનું સેમ્પલ જોયેલું અને તે વખતે એડવાન્સ ચેક આપેલો. આરોપીએ ચેક આપેલ તેના બીજા જ દીવસે ફરીયાદીએ આરોપીને માલ મોકલી આપેલ છે. આમ, આરોપીનો બચાવ વિરોધાભાસ જણાઇ આવે છે. આરોપીનો વધુ બચાવ છે કે ફરીયાદીએ આરોપીને માલ પોહચાડેલ હોય તેવો કોઇ આધાર પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરીયાદી સાથેનો વ્યવહાર પુર્ણ થતો નથી. સદર કામે ફરીયાદીએ આરોપીને વેચેલ માલનું જિએસટી વાળુ બીલ રજુ કરેલ છે તેમજ ઇ વે બીલ રજુ કરેલ છે. તેમજ વે બ્રીજ ની રસીદ રજુ કરેલ છે. તેઓએ આરોપીને માલ પોહચાડેલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. પરંતુ,ફરીયાદીએ જી. એસ.ટી. સાથેનું બીલ રજુ કરેલ છે. અને સાથે ઇ વે બીલ પણ રજુ કરેલ છે જે ન માનવાને કોઇ કારણ નથી જેથી ફરીયાદીની હકીકત માનવા લાયક જણાઇ આવે છે. આરોપીનો ત્રીજો બચાવ એવો છે કે, નરેન્દ્રભાઇ રાજને તેઓએ માલ વેચેલો. નરેન્દ્રભાઇ રાજનાઓ આરોપીને ત્યાં નોકરી કરતા હોય અને ફરીયાદી નરેન્દ્રભાઇ રાજને ઓળખતા હોય નરેન્દ્રભાઇનાએ આરોપીનો ચેક ફરીયાદીને આપેલો. અને આરોપી સાથે છેતરપીંડી કરેલ. સદર કામે આરોપીનો બચાવમાં વિરોધાભાસ જણાઇ આવે છે . એક બાજુ કહે છે કે આરોપીનો ચેક નરેન્દ્રભાઇનાએ ફરીયાદીને આપેલ અને બીજી બાજુ એમ કહે છે કે આરોપી માલ જોવા આવેલ ત્યારે એડવાન્સ આપેલો. નરેન્દ્રભાઇ રાજનાઓએ છેતરપીંડી કરેલ હોવાનું કહે છે પરંતુ, નરેન્દ્રભાઇ રાજનાઓ વિરુધ્ધ આરોપીઓએ કોઇ પોલિસ ફરીયાદ કરેલ હોય તેવા કોઇ પુરાવા રજુ કરેલ નથી. આરોપીનો બચાવ

વિરોધાભાસી હોય માનવાલાયક જણાતો નથી. જે તમામ સંજોગો ધ્યાને લેતા આરોપીએ લેણી રકમ બાબતે ચેક આપેલ છે તે હકીકત પુરવાર થાય છે અને જે મુજબની લેણી રકમ આરોપીએ આજદિન સુધી આપેલ નથી. વધુમાં આરોપીએ નોટીશ મળી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીશનો જવાબ આપી કોઇ બચાવ લીધેલ નથી જેથી તેમનો બચાવ માનવા લાયક નથી.

(૧૪) આમ, આરોપીએ ફરિયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. વધુમાં, વાદગ્રસ્ત ચેકવાળું ખાતુ આરોપીનું ન હોવાનો કે, ચેકમાં પોતાની સહી ના હોવા અંગેનો કોઇ બચાવ આરોપી દ્ધારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજૂ કરવા જાતે બોક્ષમાં આવી જુબાની આપી નથી, અન્ય કોઇ સાહેદોને તપાસી પુરવાર કરેલ નથી. આમ, ફરિયાદી તરફે તેમના જે દસ્તાવેજો રજૂ કરેલ છે તેનું ખંડન કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજૂ કરાવામાં આવેલ નથી. વધુમાં, સેક્શન-૨૦ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ જ્યારે કોઇ ચેક કોઇ વ્યક્તિ સહી કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણાં પેટે આપેલ હોય તેવું અનુમાન કોર્ટે કરવાનું રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજૂ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહુ બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરેલ નથી ત્યારે હાલની ફરિયાદમાં પુરાવામાં રજૂ રહેલ ચેક આરોપી નં. ૨ના એ આરોપી નં.૧ વતી ફરિયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ હોવાનું જણાય આવે છે જેથી આરોપી નં.૧ અને ૨ સામે જે અનુમાન કલમ-૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણાં પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનું ખંડન મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપીઓ નિષ્ફળ નીવડેલ છે.

(૧૫) આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેતાં ફરિયાદવાળો ચેક જે તે વખતે આરોપીએ કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટે આપેલ હતો તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે. આ ચેક નિયત સમયમાં વટાવવા ફરિયાદીએ પોતાની બેંકમાં રજૂ કરતાં વગર સ્વીકારાયે પરત કરતાં ફરિયાદીએ આરોપીને પોસ્ટ મારફતે કાયદેસરની ડીમાન્ડ નોટીસ મોકલેલ જે આરોપી નં.૧ નાને મળેલ નથી આરોપી નં. ૨ અને ૩ ને નોટીશ મળી ગયેલ હોવા છતાં ચેકની રકમ ફરિયાદીને ચુકવવામાં આવેલ નથી તે કારણે હાલની ફરિયાદ કરવાનું કારણ ઉત્પન્ન થતાં કાયદાની નિયત સમય–મર્યાદા લેખિતમાં ફરિયાદ કરવામાં આવેલ તેવું રેકર્ડ ઉપરના પુરાવાથી ફલીત થાય છે. વધુમાં, આરોપીએ ચેક તેને વેલીડીટી પીરીયડમાં બેંકમાં રજૂ થયેલ ન હતો તેવું બચાવમાં આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ, પ્રસ્તુત કેસમાં ફરિયાદી જ્યારે પોતાનો કેસ સાબીત કરવામાં સફળ રહેલાં છે તે સંજોગો ધ્યાને લેતાં આ કામના આરોપી નં.૧ અને ૨ ને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

નામદાર સુપ્રિમ કોર્ટ અને હાઇકોર્ટના ઘણાંબધા ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, જે ડાયરેકટરનાઓએ ચેકમાં સહી કરેલ ન હોય તેઓનો નાણાંકિય વ્યવહારમાં કોઇ રોલ સાબીત કરવામાં ન આવે તો તેઓ વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ હેઠળ કેસ ચલાવી શકાય નહીં. સદર કામે આંક –૩૫ વાળો ચેકમાં માત્ર આરોપી નં.૨ ની સહી છે આરોપી નં. ૩ ની સહી નથી. જેથી આરોપી નં. ૩ વિરુધ્ધ કોઇ ગુનો બનતો નથી. આરોપી નં. ૩ નો આરોપી નં.૧ કંપનીમાં કોઇ એકટીવ રોલ હોય તેવો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી આરોપી નં.૩ વિરુદ્ધ ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ –૧૩૮ અન્વયે કોઇ કેસ

સાબીત થતો નથી.

આમ, મુદ્દા નં.૧ નો નિર્ણય "અશંત: હકાર" માં આપવામાં આવે છે. અને મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

1 આ કામના આરોપી નં. ૧ સૈનિત અગ્રીટિક પ્રા.લી. અને આરોપી નં. ૨ રાજેન્દ્રકુમાર ગણપતરાઉ સુર્વે ના ઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૫(૧) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરવવામાં આવે છે.

2 આ કામના આરોપી નં. ૩ ના ઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૫(૨) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

3 અને બંન્ને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલતવી.

હુકમ, આજ તારીખ–૧૬મી , માંહે– જુલાઇ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સાવલી
તા.૧૬/૦૭/૨૦૨૬

(પ્રિયંકાબહેન ભગવાનભાઇ ગામીત)
એડીશ્નલ સીવીલ જજ અને
જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.,સાવલી
કોડ નં.જીજે૦૧૫૮૩.

સજા બાબતે સાંભળ્યાઃ–

1. હાલના કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. આરોપી નં.૨

અને તેમના વિ.વ.શ્રી હાજર છે. . ફરીયાદી તથા આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા.

2. ફરિયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજૂઆત છે કે, હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે ચેકો રિટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે તેથી આરોપીઓને કાયદા મુજબની મહત્તમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

3. આ અદાલતમાં આરોપી નં.૧ અને ૨ તરફે વિ.વકીલશ્રી રજુઆત છે કે, આરોપી નં.૧ અને ૨ નો કોઇ ગુનાહીત ઈતિહાસ નથી. સજા ઓછી કરવા તથા પ્રોબેશન લાભ આપવા અરજ ગુજારેલ છે .

4. બંને પક્ષકારોને સાંભળ્યા. હાલના યુગમાં કોઈપણ વ્યક્તિ કોઇ પણ ભોગે મોટી રકમ મેળવવા કે તેની સામે ખોટા ચેકો લખી આપી ઘણીવાર કોરા ચેકો આપતા હોવાના કિસ્સા વધી રહેલ છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઇ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેંકનું કામકાજ તેના નિયમો અનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનું છે. ઓછી સજા કરવા અરજ છે .

5. કાયદા પાછળનો હેતુ તથા આરોપી નં. ૧ અને ૨ ની વર્તણૂક લક્ષમાં રાખતાં આરોપીઓ પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે લોકોનું બેન્કિંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપી નં. ૧ અને ૨ ને ચોક્કસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે

કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેન્કિંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે લોકો ચેકોનો બેફામ દુરુપયોગ કરતા અચકાશે નહીં જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

6. આમ, આરોપી નં. ૧ અને ૨ ની દાનત, રકમ ફરિયાદીને પરત નહીં આપવાનું જણાય છે. આરોપીની વર્તણુક લક્ષે રાખી તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતું નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે. ફરિયાદી તરફે વળતરની રજૂઆત લક્ષે લીધી. આ અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના નંબર–૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરુદ્ધ દિનેશ બાબુલાલ બોરીયાવાળા વિગેરેના ચુકાદાની હકીકતો લક્ષે લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો પરંતુ,વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચુકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. વધુમાં, નામદાર કેરાલા હાઈકોર્ટના એમ.વી.નલીન કહાન એમ. મેશન, ૨૦૦૯ ક્રિમિનલ લો જનરલ પાના નંબર–૧૭૦૩ નો ચુકાદા મુજબ આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચિત જણાતું નથી તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા આંક–૩૫ વાળો ચેક આપેલ હોવાની ફલિત થતી હકીકત ધ્યાને રાખી તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર–૨૯ આર.સી. મહેતા વિરુદ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લિ.ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોશીયેબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલન–૧૩૮ ની જોગવાઈ કરવાનો ધારાસભાના આશય ધ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯(૨) ની જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત મુદ્દા નંબર –૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરે છે.

–:: આ ખ રી હુ ક મ ::–

1 આ કામના આરોપી નં. ૨ રાજેન્દ્રકુમાર ગણપતરાવ સુર્વે રહે. ઘર નં. ૫૫, સંજય પાર્ક સોસાયટી, સંજય નગર, કારેલીબાગ, વડોદરા ઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૫(૧) અન્વયે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામાં આરોપીને એક(૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

2 આરોપી નં.૧ અને ૨ નાએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરિયાદવાળા ચેકની રકમ રૂા.૨,૦૭,૮૦૦/– (અંકે રૂપીયા બે લાખ સાત હજાર આઠસો પુરા)ની દોઢ ગણી રકમ ફરિયાદીને વળતર પેટે બે માસની અંદર ચુકવી આપવી. જો આરોપી નં. ૧ અને ૨ વળતરની રકમ બે માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપી નં.૨ નાએ વધુ છ માસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

3 આ કામના આરોપી નં.૨ નાએ જે સજા ભોગવેલ હોય તો, ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

4 આ હુકમની ખરી નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપી નં.૧ અને ૨ ને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

5 આ કામને આરોપી નં.૨ તરફે જો કોઇ જામીન રજૂ કરવામાં આવેલ હોય તો તે રદ કરવામાં આવે છે.

હુકમ, આજ તારીખ–૧૬ મી , માંહે–જુલાઇ , સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સાવલી
તા.૧૬/૦૭/૨૦૨૬

(પ્રિયંકાબહેન ભગવાનભાઇ ગામીત)
એડીશનલ સીવીલ જજ અને
જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.,સાવલી
કોડ નં.જીજે૦૧૫૮૩.